Extra No. 176

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **MONDAY, JULY 06, 2026 / ASADHA 15, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:

(૧) મુ. ઈ.(ઉ.ગુ.) અને અધિક સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય,ગાંધીનગરના પત્ર ક્રમાંક: S-32/2024/93842/D, તા. ૨૩/૧૨/૨૦૨૪

(૨) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના પત્ર ક્રમાંક: ટ્રાફિક/જાહેરનામું/૫૮૨/૨૦૨૪, તા. ૦૨/૦૯/૨૦૨૪

(૩) સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, બાયડના પત્ર નં.પીઓએલ/SH-59/ટ્રાફિક/વશી/૩૭૦/૨૦૨૪, તા. ૧૨/૦૯/૨૦૨૪

(૪) મોટર વ્હીકલ અધિનિયમ-૧૯૮૮

(૫) અત્રેની કચેરીના જાહેરનામા નં. ડી.સી/ પી.ઓ.એલ / ટ્રાફિક/ જાહેરનામું/ ૩૩(૧)ખ/ વશી/ ૭ થી ૨૨/ ૨૦૨૫, તા. ૦૨/૦૧/૨૦૨૫

(૬) અત્રેની કચેરીના જાહેરનામા નં. ડી.સી/ પી.ઓ.એલ /ટ્રાફિક/ જાહેરનામું/ ૩૩(૧)ખ/ વશી/ ૧૬૦ થી ૧૭૦/ ૨૦૨૫, તા. ૦૩/૦૨/૨૦૨૫

(૭) મુ.ઈ. (ઉ.ગુ.) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: S-32/2024/93842/D, તા. ૦૧/૦૩/૨૦૨૫

(૮) અત્રેની કચેરીના જાહેરનામા નં. ડી.સી/ પી.ઓ.એલ/ ટ્રાફિક/ જાહેરનામું/ ૩૩(૧)ખ/ વશી/ ૨૨૮ થી ૨૩૮/ ૨૦૨૫, તા. ૦૫/૦૩/૨૦૨૫

(૯) અત્રેની કચેરીના જાહેરનામા નં. ડી.સી/ પી.ઓ.એલ/ ટ્રાફિક/ જાહેરનામું/ ૩૩(૧)ખ/ વશી/ ૪૦૯/ ૨૦૨૫, તા. ૦૬/૦૫/૨૦૨૫

(૧૦) અત્રેની કચેરીના જાહેરનામા નં. ડી.સી/ પી.ઓ.એલ /ટ્રાફિક/ જાહેરનામું/ ૩૩(૧)ખ/ વશી/ ૪૯૯/ ૨૦૨૫, તા. ૧૦/૦૬/૨૦૨૫

(૧૧) અત્રેની કચેરીના જાહેરનામા નં. ડી.સી/ પી.ઓ.એલ /ટ્રાફિક/ જાહેરનામું/ ૩૩(૧)ખ/ વશી/ ૬૬૧/ ૨૦૨૫, તા. ૦૮/૦૮/૨૦૨૫

(૧૨) અત્રેની કચેરીના જાહેરનામા નં.પી.ઓ.એલ./ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૮૪૭/૨૦૨૫, તા. ૧૩.૧૦.૨૦૨૫

(૧૩) અત્રેની કચેરીના જાહેરનામા નં.પી.ઓ.એલ./ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૮૮૪/૨૦૨૫, તા. ૧૦.૧૧.૨૦૨૫

(૧૪) અત્રેની કચેરીના જાહેરનામા નં.પી.ઓ.એલ./ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૭/૨૦૨૬, તા. ૦૯.૦૧.૨૦૨૬

(૧૫) અત્રેની કચેરીના જાહેરનામા નં.પી.ઓ.એલ./ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૧૧૮/૨૦૨૬, તા. ૧૧.૦૩.૨૦૨૬

(૧૬) અત્રેની કચેરીના જાહેરનામા નં.પી.ઓ.એલ./ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૨૨૮/૨૦૨૬, તા. ૦૪.૦૫.૨૦૨૬

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ

નં.પી.ઓ.એલ./ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૫૮૦/૨૦૨૬.-નવરચિત અરવલ્લી જિલ્લાનું મુખ્ય મથક મોડાસા વહિવટી કેન્દ્ર, શૈક્ષણિક કેન્દ્ર હોવાના નાતે જિલ્લાના તમામ વિભાગની સરકારી વડી કચેરીઓ અત્રે આવેલ હોઈ તેમજ શહેરના ઝડપથી થતા વિકાસના કારણે જાહેર રોડ ઉપર ટ્રાફિકની ગીચતા દિન પ્રતિદિન વધતી જાય છે. વધુમાં, અરવલ્લી જિલ્લાને રાજસ્થાન રાજ્યની સરહદ સ્પર્શતી હોઈ રાજ્ય બહારના વાહનોનું વ્યાપક પ્રમાણમાં અત્રેના જિલ્લામાં આવાગમન થઈ રહેલ છે.

અત્રેના જિલ્લામાંથી વડોદરા-મુંબઈ તરફ અવર-જવર કરવા મુખ્યત્વે SH-59 (મોડાસા-ધનસુરા-બાયડ-નડિયાદ) તથા SH-5 (મોડાસા-ગોધરા) સ્ટેટ હાઈવે ઉપલબ્ધ છે. પરંતુ SH-5 (મોડાસા-ગોધરા) ટોલ-વે હોઈ ટેક્સ બચાવવા રાજ્ય બહારના વાહનો SH-59 (મોડાસા-ધનસુરા-બાયડ-નડિયાદ) હાઈવેનો વધુ ઉપયોગ કરતા હોવાથી તે સ્ટેટ હાઈવે પર વ્યાપક પ્રમાણમાં ટ્રાફિક તથા તેના કારણે અવાર-નવાર અકસ્માતો થતા હોવાની રજુઆતો લોકો તરફથી અત્રેને મળેલ હતી. જે અન્વયે જિલ્લા કક્ષાએ મળતી ટ્રાફિક સલાહકાર સમિતિ/પોલીસ સલાહકાર સમિતિમાં પણ ચર્ચા હાથ ધરી SH-59 હાઈવે પર વધતી જતી ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ લાવવા વિચારણા થયેલ. વધુમાં સદર બાબતે રાજ્ય સ્વાગતમાં પણ રજુઆત થયેલ છે. જેના અનુસંધાને સંદર્ભ-૧ થી મળેલ સુચના તથા સંદર્ભ-૨ અને ૩ થી મળેલ અભિપ્રાય ધ્યાને લઈ સંદર્ભ-૪ની જોગવાઈઓ મુજબ સંદર્ભ-૫ થી સવારના ૦૮:૦૦ કલાક થી રાત્રિના ૦૮:૦૦ કલાક સુધી "SH-59 (મોડાસા-ધનસુરા-બાયડ-નડિયાદ)હાઈવે પરથી અવર-જવર પ્રતિબંધ ફરમાવી સદર વાહનોને અવર-જવર કરવા તેના વૈકલ્પિક ચારમાર્ગીય (ફોરલેન) સ્ટેટ હાઈવે-૦૫ (મોડાસા-માલપુર-લુણાવાડા-ગોધરા) અથવા નેશનલ હાઈવે નં.૪૮(શામળાજી-હિંમતનગર-ચીલોડા) પૈકી પસંદ કરેલ માર્ગ પરથી પ્રવેશ કરવા અંગે એક માસ માટે જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું. જે સંદર્ભ-૬,૮,૯,૧૦,૧૧,૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬ થી વખતો-વખત જાહેરનામાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જાહેર જનતાની સલામતી ધ્યાને લઈ SH-59 (મોડાસા-ધનસુરા-બાયડ-નડિયાદ) હાઈવે પર અકસ્માતો ઘટાડવાના પ્રયત્નોને ધ્યાને લઈને વધુ સમય માટે SH-59 (મોડાસા-ધનસુરા-બાયડ-નડિયાદ) હાઈવે પર ભારે વાહનોના કારણે વધેલ ટ્રાફિક ભારણને અંકુશમાં લાવવા, ટ્રાફિક સમસ્યાઓ/ગંભીર અકસ્માતો નિવારવા, ધાર્મિક પ્રસંગો દરમ્યાન પગપાળા ચાલતા શ્રધ્ધાળુઓની સગવડ/સલામતી સાચવવા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ પ્રાથમિક જાહેરનામું જાહેર હિતમાં અમલમાં રાખવું ઉચિત જણાય છે.

આથી હું મિલિન્દ બાપના, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મળેલ સત્તાની રૂએ:

"મોટર વ્હીકલ એક્ટ-૧૯૮૮ મુજબ ભારે વાહનની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતા તમામ પ્રકારના નોંધાયેલા ભારે વાહનોને પ્રાયોગિક ધોરણે તા.૧૦.૦૭.૨૦૨૬ થી તા.૦૮.૦૯.૨૦૨૬ સુધી સવારના ૦૮:૦૦ કલાક થી રાત્રિના ૦૮:૦૦ કલાક સુધી સ્ટેટ હાઈવે-૫૯ (મોડાસા-ધનસુરા-બાયડ-નડિયાદ) હાઈવે પરથી અવર-જવર પ્રતિબંધ ફરમાવી સદર વાહનોને અવરજવર કરવા તેના વૈકલ્પિક ચારમાર્ગીય (ફોરલેન) સ્ટેટ હાઈવે-૦૫ (મોડાસા-માલપુર-લુણાવાડા-ગોધરા) અથવા નેશનલ હાઈવે નં. ૪૮ (શામળાજી-હિંમતનગર-ચીલોડા) પૈકી પસંદ કરેલ માર્ગ પરથી પ્રવેશ કરવા અંગે આદેશ ફરમાવું છું."

અપવાદ

સરકારી વાહનો,એસ.ટી. નિગમની બસો,ઈમરજન્સી વાહનો, સ્કુલવાન,દુધવાહન,એમ્બ્યુલન્સ,કાર્યક્રમમાં પધારનાર ભારે વાહનો તથા અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ GJ-09 તથા GJ-3 1 સિરીઝના સ્થાનિક ભારે વાહનોને સ્ટેટ હાઈવે નંબર-૫૯ (મોડાસા-ધનસુરા-બાયડ) પરથી અવર-જવર માટે મુક્તિ આપવામાં આવે છે.

વધુમાં જરૂરીયાત મુજબના વાહનોએ સક્ષમ અધિકારીશ્રી,આર.ટી.ઓ., મોડાસાની પરવાનગી મેળવવાની રહેશે.

આ જાહેરનામાની તાત્કાલિક અસરથી અમલવારી કરવાની રહેશે તથા હુકમનો ભંગ કે ઉલ્લઘન કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આ માટે ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ અધિકારીશ્રી હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૪ થી જુલાઈ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર સાથે બહાર પાડ્યું.

મિલિન્દ બાપના
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધા:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી,માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ),મોડાસાના જાવક નં.પીબી/૧૮૪૬/૨૦૨૬,તા.૧૦/૦૬/૨૦૨૬

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) નો ખંડ (ખ)

(3) અત્રેની કચેરીના પત્ર નં.એમ.એ.જી/પુલ/વશી/૩૬૫ થી ૩૬૮/૨૦૨૬, તા.૧૬/૦૬/૨૦૨૬

(૪) ઈ.ચા.પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાનાઓના પત્ર ક્રમાંક:LIB/ભારે વાહન/ પ્રતિબંધ/ અભિપ્રાય/ ૧૦૮૦/૨૦૨૬, તા.૨૫/૦૬/૨૦૨૬

(૫) સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી,બાયડના પત્ર ક્રમાંક નં.એમએજી/બ્રિજ/વશી/૦૭/૨૦૨૬,તા.૨૩/૦૬/૨૦૨૬

(૬) એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટશ્રી,બાયડનાઓના પત્ર નં.એમએજી/પુલ/અભિપ્રાય/વશી/૪૭/૨૦૨૬,તા.૧૮.૦૬.૨૦૨૬

(૭) મોટર વાહન અધિનિયમ-૧૯૮૮

-:જાહેરનામું:-

નં.એમ.એ.જી./બાયડ-દહેગામ/જાહેરનામું/વશી/૫૮૧/૨૦૨૬.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ), મોડાસા દ્વારા વંચાણ-૧ની વિગતે બાયડ-દહેગામ રોડ (ચે.૧૮/૬૦૦ થી ૪૩/૬૦૦) પર ડાભા ગામ નજીક વાત્રક નદી પર ચે.૩૧/૨૦૦ પર આવેલ મેજર બ્રીજનું અગાઉ વર્ષ ૨૦૨૫માં સરકારશ્રી દ્વારા નિયુકત કરેલ એજન્સી દ્વારા નિરીક્ષણ કરવામાં આવેલ હતું. જેની નિરીક્ષણ નોધમાં સદર બ્રીજની કન્ડીશન Poor બતાવવામાં આવેલ હતી. ત્યારબાદ સદર બ્રીજ પર ૨૫ કિમી/કલાકની સ્પીડ લીમીટથી ટ્રાફિક પસાર કરવા સુચન કરવામાં આવ્યુ હતું. જેને ધ્યાને લઇ અત્રેના વિભાગ દ્વારા બ્રિજ ની બંન્ને બાજુ સ્પીડ બ્રેકર અને સ્પીડ લીમીટનાં ચેતવણી દર્શક બોર્ડ લગાવી ટ્રાફિક ચાલુ રાખવામાં આવેલ હતો. ચાલુ વર્ષમાં તા. ૦૪/૦૫/૨૦૨૬ના રોજ સદર બ્રિજનું ખાનગી કન્સલટન્ટ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યુ અને તેમાં બ્રિજની કન્ડીશન Poor જણાવેલ છે.વધુમાં, તા.૧૬/૦૫/૨૦૨૬ના રોજ આલેખન વર્તુળના પ્રતિનિધિ દ્વારા સદર બ્રિજનું ઈન્સ્પેકશન કરવામાં આવેલ જેમાં પણ કન્ડીશન Poor જણાવેલ છે. જેથી સદર બ્રિજની પરિસ્થિતિ Poor હોય બ્રિજ ઉપર ભારે વાહનો પસાર થવા ઘણું જોખમી જણાય છે, તો સદર બ્રિજ પર ભારે વાહનો બંધ કરવા માટે જાહેનામું પ્રસિધ્ધ કરવા અત્રેની કચેરીએ દરખાસ્ત કરેલ.

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ),મોડાસાની ઉક્ત દરખાસ્ત બાબતે સદર બ્રિજ ભારે વાહનો માટે બંધ કરી ડાયવર્ઝન આપવાનું થતું હોઈ વંચાણ-૩થી સંબંધિત અધિકારીશ્રીઓના અભિપ્રાય મંગાવવામાં આવેલ. જે અન્વયે વંચાણ-૪ થી ૬ની વિગતે સંબંધિત અધિકારીશ્રીઓ દ્વારા બાયડ-દહેગામ પર ડાભા ગામ પાસે વાત્રક નદીના પુલ પર ભારે વાહનો બંધ કરવાના કામે હકારાત્મક અભિપ્રાય રજુ થયેલ છે. આમ ઉપરોક્ત વિગતે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), અરવલ્લી-મોડાસાની દરખાસ્ત તથા વંચાણ-૪ થી ૬થી સંબંધિત અધિકારીશ્રીઓના રજુ થયેલ અભિપ્રાય ધ્યાને લેતા બાયડ-દહેગામ રોડ પર ડાભા ગામ પાસે વાત્રક નદીના પુલ પર ભારે વાહનો બંધ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવું ઉચિત જણાય છે.

આથી હું મિલિન્દ બાપના, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) ના ખંડ (ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ બાયડ-દહેગામ રોડ (ચે.૧૮/૬૦૦ થી ૪૩/૬૦૦) પર ડાભા ગામ નજીક વાત્રક નદી પર ચે.૩૧/૨૦૦ પર આવેલ પુલ પર થી મોટર વ્હીકલ એક્ટ-૧૯૮૮ મુજબ ભારે વાહનની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતા તમામ પ્રકારના નોંધાયેલા ભારે વાહનોને પસાર

થવા માટે પ્રતિબંધ ફરમાવી ભારે વાહનો માટે નીચે મુજબ ડાયવર્ઝનનો ઉપયોગ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

1. અમદાવાદ તથા ગાંધીનગર થી બાયડ તરફ જતા ભારે વાહનોને તેનપુર ચોકડીથી વાયા લિંબ-રોઝડ-વડાગામ-ધનસુરા થઈ બાયડ રોડે બાયડ પસાર કરવા.

2. બાયડ રોડ થી અમદાવાદ તથા ગાંધીનગર તરફ જતા ભારે વાહનો બાયડ ચોકડી થી વાયા ધનસુરા-વડાગામ-રોઝડ ચોકડી થઈ તેનપુર-દહેગામ રોડે પસાર કરવા.

સદર જાહેરનામાની મુદ્દત જાહેરાનામાની તારીખથી ૬૦ દિવસની રહેશે.

પોલીસ અધિકારીશ્રીઓ તથા આરટીઓના અધિકારીશ્રીઓએ સદર સ્થળ પર ટ્રાફિક નિયમન,અકાસ્માત નિવારણ અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા,કાયદો વ્યવસ્થા જળવાઇ રહે અને સદર હંગામી પ્રતિબંધનો સુચારૂ અમલ થાય તે માટે તાત્કાલિક ધોરણે યોગ્ય આયોજન કરવાનું રહેશે. અગત્યના સ્થળોએ ટ્રાફિક પોઈન્ટ નિયત કરી વોકી-ટોકી સેટ સાથે ટ્રાફિક કર્મચારીઓ મૂકવાના રહેશે. કાર્યપાલક ઈજનેરશ્રી,માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), મોડાસા દ્વારા સદરહું જાહેરનામા અન્વયે તેમના/પોતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ડાયવર્ઝન માર્ગ પર ડાયવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ સૂચનાઓ લગાવવાના રહેશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા, ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાના ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તા.૦૪ થી જુલાઈ ૨૦૨૬ ના સિક્કો કરી આપ્યો

મિલિન્દ બાપના
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.06 16:46:58 IST